# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

***************************************************

1) ભારતમાં 17.5 બિલિયન US ડોલરનું રોકાણ કરવાના માઇક્રોસોફ્ટનાં નિર્ણયને આવકારતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.

2) લોકસભામાં ચૂંટણી સુધારાઓ પર ગઈકાલે ચર્ચા થઈ.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં માનવ અધિકાર દિવસના કાર્યક્રમને સંબોધિત કરશે.

4) ઇન્ડિગોને ઉડ્ડયનોમાં 10 ટકાનો ઘટાડો કરવાનો સરકારનો નિર્દેશ

5) ઓસ્ટ્રેલિયા 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ.

6) કટકમાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની ટી-20 ક્રિકેટ મેચમાં ભારતનો 101 રને શાનદાર વિજય

............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MICROSOFT CEO MEET PM

ભારતમાં 17.5 બિલિયન યુએસ ડોલરનું માઇક્રોસોફ્ટ રોકાણ કરશે. માઇક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા બાદ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારતની મહત્વાકાંક્ષાઓને ટેકો આપવા માટે, માઇક્રોસોફ્ટ એશિયામાં તેનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ કરી રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયામાં માઇક્રોસોફ્ટના સૌથી મોટા રોકાણનું સ્વાગત કર્યું છે અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં ભારતના નેતૃત્વ અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર માઇક્રોસોફ્ટના ચેરમેન અને સીઈઓ સત્ય નડેલાની પોસ્ટનો જવાબ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, જ્યારે AI ની વાત આવે છે, ત્યારે વિશ્વ ભારત પ્રત્યે આશાવાદી છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

VC- JAYA BHARTI

# LS – DISCUSSION SIR

લોકસભામાં ગઈકાલે ચૂંટણી સુધારાઓ પર ચર્ચા થઈ હતી. ચર્ચામાં ભાગ લેતાં કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન મતદાર યાદીઓની ખાસ સુધારણા ઝુંબેશ ઘણી વખત થઇ હતી, પરંતુ હવે વિપક્ષ આ પ્રક્રિયા પર સવાલો ઉઠાવી રહ્યું છે. તેમણે દેશના

મતદાન માળખાની પ્રશંસા કરતા કહ્યું કે સ્વતંત્રતા પછી દરેકને સમાન મતદાન અધિકાર મળ્યો છે.

ચૂંટણી સુધારાઓ પર બોલતા, લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મતદાર યાદીમાં નકલી મતદારોનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તેમણે બિહારમાં SIR પર ચૂંટણી પંચને પ્રશ્ન કર્યો હતો અને આરોપ લગાવ્યો કે મતદાન યાદીમાં એક લાખ 20 હજાર નકલી ફોટા છે.

# SIR

ગુજરાતમાં મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશનો પ્રથમ તબક્કો તેના અંતિમ તબક્કામાં્ છે, જેમાં પ્રથમ યાદી આ મહિનાની 12મી તારીખે પ્રકાશિત થવાની છે. આ સઘન ઝુંબેશમાં રાજ્યભરમાં 99 ટકાથી વધુ ફોર્મની ચકાસણી થઈ છે.

સાંભળીએ એક અહેવાલ....

V/C- APARNA KHUNT

# PRESIDENT –HUMAN RIGHTS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે માનવ અધિકાર દિવસના કાર્યક્રમને સંબોધિત કરશે. આ વર્ષના માનવ અધિકાર દિવસનો વિષય "રોજિંદી આવશ્યકતાઓ - બધા માટે જાહેર સેવાઓ અને ગૌરવ" છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ આ વિષયને અનુરૂપ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રા જાહેર સેવાઓમાં સાર્વત્રિક, સમાન અને ગૌરવપૂર્ણ પ્રવેશ પર મુખ્ય ભાષણ આપશે.

આ પરિષદમાં રાજ્ય માનવ અધિકાર આયોગ, રાષ્ટ્રીય આયોગ, સરકારી અધિકારીઓ, નાગરિક સમાજ સંગઠનો અને શિક્ષણવિદોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

# DGCA-INDIGO DIRECTIVE

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય, DGCAએ ઇન્ડિગોને તેના શિયાળાના ફ્લાઇટ ઓપરેશનમાં 10 ટકાનો ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો છે.

એક નોટિસમાં જણાવાયું છે કે ઇન્ડિગોને આ વર્ષે નવેમ્બરમાં 64 હજાર 346 ફ્લાઇટ્સ ચલાવવાની પરવાનગી હતી પરંતુ તેણે ફક્ત 59 હજાર 438 ફ્લાઇટ્સનું સંચાલન કર્યું અને 951 ફ્લાઇટ્સ રદ કરી છે.

છ ટકાના વધારા સાથે 403 ફ્લાઇટ્સની મંજૂરી હોવા છતાં, ઇન્ડિગોએ નવેમ્બરમાં ફક્ત 344 ફ્લાઇટ્સનું સંચાલન કર્યું હતું. DGCAએ ઇન્ડિગોને આજે સાંજે 5 વાગ્યા સુધીમાં સુધારેલ સમયપત્રક રજૂ કરવા જણાવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## AUSTRALIAN TEENAGERS - SOCIAL MEDIA BAN

**ઓસ્ટ્રેલિયા 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યો છે, જેમાં ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, થ્રેડ્સ, એક્સ, સ્નેપચેટ, કિક, ટિકટોક, રેડિટ અને યુટ્યુબનો સમાવેશ થાય છે. નવા કાયદા હેઠળ, પ્રતિબંધનું ઉલ્લંઘન કરવા બદલ માતાપિતા અને બાળકોને દંડ કરવામાં આવશે નહીં પરંતુ કંપનીઓને 33 મિલિયન યુએસ ડોલર સુધીના દંડનો સામનો કરવો પડી શકે એમ છે.**

ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસે ગયા સપ્ટેમ્બરમાં સોશિયલ મીડિયાના ઉપયોગ પર વય મર્યાદાની જાહેરાત કરી હતી.

# PRAVASI RAJASTHANI DAY

રાજસ્થાનના જયપુરમાં આજે પ્રવાસી રાજસ્થાની દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભારત અને વિદેશના બિનનિવાસી રાજસ્થાનીઓ ભાગ લેશે.

આ કાર્યક્રમ માટે 8 હજાર 700 થી વધુ સહભાગીઓએ નોંધણી કરાવી છે. આ કાર્યક્રમ દરમિયાન 1 લાખ કરોડથી વધુના રોકાણ પ્રસ્તાવો પર હસ્તાક્ષર કરવામાં આવશે. રાજસ્થાનમાં ઔદ્યોગિક અને રોકાણની સંભાવના અને ઉભરતી તકો પર પણ ચર્ચાઓ કરવામાં આવશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.......

VC: NIKHIL KUMAR

# INDIA-SOUTH-AFRICA

પાંચ મેચની T20 શ્રેણીની પહેલી મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 101 રનથી હરાવ્યું. ઓડિશાના કટકમાં રમાયેલી મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરીને 175 રન બનાવ્યા હતા. 176 રનના લક્ષ્યાંકના જવાબમાં, દક્ષિણ આફ્રિકાની ટીમ માત્ર 74 રનમાં ઓલઆઉટ થઈ હતી.

અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલે બે-બે વિકેટ ઝડપી હતી. હાર્દિક પંડ્યાએ માત્ર 28 બોલમાં 59 રનની ઇનિંગ રમી હતી.

હાર્દિક પંડ્યાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. T20 શ્રેણીની બીજી મેચ ગુરુવારે સાંજે 7 વાગ્યે ચંદીગઢમાં રમાશે.

# INDIA- US FOC

દિલ્હીમાં યોજાયેલ ભારત-અમેરિકન વિદેશ કાર્યાલય પરામર્શમાં વિદેશ સચિવ વિક્રમ મિશ્રી અને યુએસના નાયબ વિદેશ સચિવ એલિસન હૂકરે બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરામર્શથી ભારત-અમેરિકન વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીની વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષોએ વેપાર અને રોકાણ, સંરક્ષણ સહયોગ, ઉર્જા સહયોગ, ટેકનોલોજી, મહત્વપૂર્ણ ખનિજો અને વિશ્વસનીય પુરવઠા શૃંખલા સહિતના મુખ્ય દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

બેઠકમાં પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. બંને પક્ષોએ મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને દેશો "21મી સદીની લશ્કરી ભાગીદારી, ઝડપી વાણિજ્ય અને ટેકનોલોજી તકો" સહિત મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા હતા.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ</u>

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારોની હેડલાઈન બનાવી છે....
- દિવ્ય ભાસ્કર લખે છે સરકારે ઈન્ડિગોની ફ્લાઈટ 10 ટકા ઘટાડી, મોદીએ કહ્યું ફરી આવું સંકટ નહિં આવે...
- ગુજરાત સમાચારની હેડલાઈન છે ભારતના ચોખા પર ટેરિફ બોમ્બની ટ્રમ્પની ચેતવણી....
- સંદેશ પ્રથમ પાને લખે છે કાયદો લોકોને હેરાન કરે તેવો ન હોવો જોઈએ- મોદી...
- **BLO** ને ધમકીઓનો ઉકેલ નહીં આવે તો અરાજકતા ફેલાશે- **SC...** આ હેડલાઈન છે નવગુજરાત સમયની.....
- ફુલછાબની હેડલાઈન છે માઈક્રોસોફ્ટ ભારતમાં કરશે 1.58 લાખ કરોડનું રોકાણ....
- રમતગમતના સમાચારોમાં કટકમાં સૂર્યા બ્રિગેડે દક્ષિણ આફ્રિકાને 101 રનથી હરાવ્યું...